E-Mail
તાત્કાલિક/અંગત્યનું

ક્રમાંક:– ઉમશ/ઉમા–૩/વ.વ./૨૦૨૨/૫૫૭૯–૫૬૬
કમિશનર શાળાઓની કચેરી,
૯/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગાંધીનગર, ગુ.રા.,
તા. ૧૯/૯/૨૦૨૨

જીલ્લા શિક્ષણ... કચે...
અમદાવાદ
આવક ક્રમાંક: 1709
શાખાનું નામ: માધ્ય
તારીખ: 20-9-22
સહી:

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી, તમામ.

**વિષય:–** **બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉ.મા. શાળાઓમાં જૂન ૨૦૨૨થી ધો–૧૧ પ્રથમ ક્રમિક વર્ગ (સળંગ એકમ), ધો–૧૨ ક્રમિક વર્ગ ની જાહેરાતની બહોળી પ્રસિધ્ધિ તથા સુચનાઓ બાબત.**

ઉપર્યુક્ત વિષય પરત્વે જણાવવાનું કે, રાજ્યની બિનસરકારી અનુદાનિત ઉ.મા. શાળાઓમાં જૂન–૨૦૨૨થી ધો–૧૧ પ્રથમ ક્રમિક વર્ગ (સળંગ એકમ), ધો–૧૨ ક્રમિક વર્ગની અરજી કરવા અંગેની જાહેરાત તા.૧૪/૦૯/૨૦૨૨ના રોજ પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. શાળા દ્વારા ક્રમિક વર્ગની ઓનલાઇન અરજી કરવાની છેલ્લી તારીખ ૨૬/૦૯/૨૦૨૨ અને જિલ્લા શિક્ષણાધિકારીશ્રી કચેરીએ સ્થળતપાસ કરી અરજી કમિશનર કચેરીને ઓનલાઈન સબમિટ કરવાની છેલ્લી તારીખ– ૦૬/૧૦/૨૦૨૨ છે.

આંપના જિલ્લાની શાળાઓ વર્ગ વધારા માટેની દરખાસ્ત સમયસર કરી શકે તે માટે આ સાથે સામેલ રાખેલ જાહેરાતને આપની કચેરીના નોટિસ બોર્ડ ઉપર પ્રસિધ્ધ કરવાની રહેશે તેમજ બહોળી પ્રસિધ્ધિ અર્થે તમામ શાળાના આચાર્યશ્રી/શાળા સંચાલકશ્રીઓને પરિપત્ર કરી આ બાબતની જાણ કરવાની રહેશે તેમજ વર્ગવધારાંની અરજી અન્વયે નીચે મુજબની સૂચનાઓ ધ્યાને લેવાની રહેશે.

(૧) વર્ષ ૨૦૨૨–૨૩ બિનસરકારી અનુદાનિત શાળામાં ક્રમિક વર્ગ માટે નિયત થયેલ દરખાસ્ત ફી ૨૫૦૦ રૂ ઓનલાઈન જમા કરાવવાના રહેશે.(ચલણથી ભરેલ ફી માન્ય રહેશે નહિ.) ઓનલાઈન ફી જમા થયા બાદ જ એપ્લીકેશન ફોર્મ ખૂલશે જેની ખાસ નોંધ લેવી. તેમજ આ બાબતે શાળાઓને જરૂરી સુચાનાઓ આપશો.

(૨) આપની કચેરી દ્વારા સ્થળતપાસ કરી તેનો અહેવાલ આપના સ્વયં સ્પષ્ટ અભિપ્રાય સહ ઓનલાઈન રજુ કરવાનો રહેશે. શાળાની દરખાસ્ત પરત્વે આપની ભલામણ ન હોય તો વિગતવાર કારણ સહીત રીમાર્ક્સ આપવાના રહેશે.

(૩) કોઈપણ ફાઈલ સદર કચેરીને હાર્ડકોપીમાં રજુ કરવાની રહેશે નહી.

(૪) જિલ્લા શિક્ષણાધિકારીશ્રીના લોગઈન આઈડી ગત વર્ષ મુજબ જ છે પરંતુ પાસવર્ડ દરેક જિલ્લા શિક્ષણાધિકારીશ્રી માટે એક સમાન રહેશે જે તુરંત જ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીએ પાસવર્ડ **Reset**(નવો પાસવર્ડ) કરવાનો રહેશે અને તેને ખાનગી રાખવાનો રહેશે. જો આ પાસવર્ડ લીક થવાથી વર્ગમંજુરીની દરખાસ્ત અન્વયે કોઈપણ પ્રશ્નો ઉપસ્થિત થશે તો તે અંગેની જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની અંગત જવાબદારી ઠરશે.

(૫) આપના જિલ્લાની તમામ દરખાસ્તો સંપૂર્ણ વિગતો તથા તેના સૂચવેલ આનુષાંગિક આધાર પુરાવાઓ સહ રજૂ થયેલ છે કે કેમ ? તે સુનિશ્વિત કરવાનું રહેશે. અધુરાશવાળી/ખૂટતા આધારોવાળી અરજીઓની આપની કક્ષાએથી ચકાસણી કરી, શાળાના એકાઉન્ટમાં પુર્તતાના રીમાર્કસ સહ પરત

કરવાની રહેશે અને શાળા દ્વારા સમયમર્યાદામા પૂર્તતા થયા બાદ જ ઓનલાઈન નિયામકશ્રી,શાળાઓના એકાઉન્ટમાં સબમીટ કરવી. જેની નોંધ લેશો.

(૬) આપની કક્ષાએથી થનાર પરિપત્રમાં આપના જિલ્લાઓની તમામ શાળાઓને જાણ કરવી કે, **"શાળાએ અરજી કર્યા બાદ નિયમિત રીતે પોતાની ઓનલાઈન અરજી ચકાસતાં રહેવું તથા તેઓના રજીસ્ટર્ડ મોબાઈલ નંબર પરના SMS ચકાસતા રહેવું, જો કોઈ ક્વેરી અંગે ઓનલાઈન અરજીમાં સૂચના/SMS મળે તો સમય બગાડ્યા વિના સત્વરે પુર્તતા કરી દરખાસ્ત પુનઃસબમીટ કરવી, જો આવેલ પુર્તતા સમયમર્યાદામાં રજૂ કરવામાં નહી આવે તો તે દરખાસ્ત ગ્રાહ્ય નહી રાખવામાં આવે અને તે માટે શાળામંડળ/આચાર્ય જવાબદાર બનશે."**

(૭) તા. ૨૬/૦૯/૨૦૨૨ના રોજ રાત્રીના ૧૨.૦૦ કલાક સુધી અરજી માટે શાળાનું ઓનલાઈન એકાઉન્ટ ચાલુ રહેશે. ત્યારબાદ બંધ થઈ જશે.

(૮) આપના જિલ્લાની તમામ અરજીઓ અન્વયે સ્થળ તપાસ કરી, યોગ્ય રિમાર્ક્સ /નોંધ તેમજ અન્ય વિગતો અને આપના સ્વયં સ્પષ્ટ અભિપ્રાય સહ તા.૦૬/૧૦/૨૦૨૧ સુધીમાં દરખાસ્ત **Online** સબમીટ કરવાની રહેશે.

(૯) અત્રેની કચેરી તરફથી ક્વેરીમાં મોકલવામાં આવતી દરખાસ્તની વિગતો **Copy** કરી જિલ્લા શિક્ષણાધિકારીશ્રીના ક્વેરીના **box** માં **Paste** કરવાની રહેશે, ત્યારબાદ શાળાકક્ષાએ મોકલવી જેથી, શાળા ક્વેરીની વિગતો સ્પષ્ટ રીતે જાણી શકે.

(૧૦) જિલ્લા સ્તરે મળેલ ક્વેરી-દિન ૦૩ ની સમયમર્યાદામાં રી-સબમીટ થાય તે પ્રકારે શાળા પાસેથી ફોલોઅપ લેવાનું રહેશે.

(૧૧) આપના જિલ્લાની શાળાઓ દ્વારા દરખાસ્ત કરવાની અંતિમ તા.**૨૬/૦૯**/૨૦૨૨સુધીમાં કરેલ દરખાસ્તોના એપ્લીકેશન નંબર, શાળાનું નામ, માંગેલ ધોરણ-વર્ગ, પ્રવાહ, માધ્યમ, સંપર્ક નંબર સાથેની વિગત રજિસ્ટર્ડમાં નિભાવવાની રહેશે.

(૧૨) આપની કક્ષાએથી અધૂરી/અયોગ્ય આધારોવાળી કોઈપણ દરખાસ્ત **submit** ન થાય તેની ખાસ કાળજી લેશો.

(૧૩) શાળાની **Online** દરખાસ્તો મળતાં જ આપની સ્થળતપાસ તેમજ આનુષાંગિક કાર્યવાહી શરૂ કરી દેવી સબમીશન માટે અંતિમ તા.૦૬/૧૦/૨૦૨૨ની રાહ ન જોતાં દરખાસ્ત **Online** સબમીટ કરતાં જશો.(નોંધ તા.૦૬/૧૦/૨૦૨૨ પછી કોઇ પણ સંજોગોમાં જિ.શિ.અ કચેરી સબમિટ કરવા માટેની સમયમર્યાદા વધારાવમાં આવશે નહી તેની ખાસ નોંધ લેવી.)

**ઉપરોક્ત વિગતે આપના જિલ્લાની તમામ શાળાઓની વર્ગવધારાની ઓનલાઈન અરજી અન્વયે કાર્યવાહી સમયમર્યાદામાં સુયોગ્ય રીતે પૂર્ણ કરવા જણાવવામાં આવે છે.**

મદદનીશ શિક્ષણ નિયામક
૧૦+૨ ખાસ ઘટક
ગુ.રા.ગાંધીનગર

બિડાણ : જાહેરાત (તા. ૧૪/૦૯/૨૦૨૨)

પરીપત્ર નં. ૧૪૯

ક્રમાંક : માધ્ય/મ-૨/વર્ગવધારો/૨૨-૨૩
જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી
અમરેલી તા. ૨૧/૯/૨૨

પ્રતિ
આચાર્યશ્રી
આ જિલ્લાની બાહ્ય શાળાઓ તમામ
જિલ્લો અમરેલી

પ્રિત પત્રની જાણ તથા અમલવારી સારૂ

DISTRICT EDUCATION OFFICER
AMRELI